ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે
આપવામાં આવતા આવકના પ્રમાણપત્ર
ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રાખવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : આઈટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઈટી,
સચિવાલય, ગાંધીનગર
તા. - 1 OCT 2021

વંચાણે લીધા :-

(૧) પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગનો તા.૨૬/૦૭/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ.
(૨) પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૯નો સમાનાંકી પરિપત્ર.
(3) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૭/૭/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૨૦૧૫/૫૦૦૨૭૮/અ.

સુધારેલ પરિપત્ર :-

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપર વંચાણે લીધા ક્રમાંક :(૧) પરના ઠરાવથી ગ્રામ પંચાયત કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે "આવકનું પ્રમાણપત્ર" આપવાનું સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવના અમલીકરણ અંતર્ગત વંચાણે લીધા ક્રમાંક : (૨) પરના પરિપત્રથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ સૂચનાઓમાં સૂચના નં.(૧)માં આવકના પ્રમાણપત્રની માન્યતા માટે ૧(એક) વર્ષ સુધી સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપર વંચાણે લીધા ક્રમાંક :(3) પરના ઠરાવથી આવકનું પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં ઈસ્યુ થયેલ હોય તે નાણાકીય વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી માન્ય રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે. આથી, આવકના પ્રમાણપત્રની સમયમર્યાદામાં એકસૂત્રતા જળવાય તે માટે જરૂરી સૂચના બહાર પાડવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાને અંતે ઉપર વંચાણે લીધા ક્રમાંક : (૨) પરના પરિપત્રની સૂચના નં.(૧)માં આવકના પ્રમાણપત્રની માન્યતા પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં ઈસ્યુ થયેલ હોય તે નાણાકીય વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી ગ્રાહ્ય રાખવા આથી સુધારો કરવામાં આવે છે.

ઉપર વંચાણે લીધા ક્રમાંક :(૨) પરના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્રની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કૌશિક શાહ)**
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી(આરોગ્ય અને પરિવાર કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી(પંચાયત)(સ્વતંત્ર હવાલો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. કમિશનરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨. સર્વે કલેક્ટરશ્રીઓ.
૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૪. શાખા સિલેક્ટ ફાઇલ.(૨ નકલ)